
D7D5S9

# ૧૧ જગ અને મગ




## બન્નીના પરિવારમાં લગ્ન



બન્નીના પરિવારમાં લગ્ન છે. તે સસલાંનો પરિવાર છે. ઘણાં મહેમાનોને આમંત્રણ આપ્યું છે. - હરણ, વાંદરાં, હાથી, બિલાડી, કૂતરાં, ઉંદર, શિયાળ, ઊંટ, નોળિયો વગેરે. બધાં જ મહેમાનોને ખાસ પીણું પીવા માટે આપવામાં આવ્યું છે. દરેકને એક પ્યાલો પીણું પીરસવામાં આવ્યું. દરેકને આ પીણું ખૂબ જ સ્વાદિષ્ટ લાગ્યું. કેટલાંક નાનાં મહેમાનો જેવા કે, ________________ આખો પ્યાલો પીણું પી શકે નહિ. પરંતુ ____________ મહેમાન આખો પ્યાલો પીણું પીવા માટે શક્તિમાન હતાં.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેટલાંક બીજાં જેવાં કે, __________, __________, __________ એ એક કરતાં વધુ પ્યાલાની માગણી કરી.

હવે મુશ્કેલી શરૂ થાય છે!!!

કેટલાંક મોટાં મહેમાનો તો પ્યાલા પર પ્યાલો ગટગટાવવા લાગ્યાં...!

બન્નીને એ જાણવું છે કે, કોણે કેટલું પીણું પીધું.

તેને કોષ્ટક ભરવામાં મદદ કરો. મજા આવશે.



| કેટલું પીધું | મહેમાનનું નામ |
|---|---|
| ૧ પ્યાલાથી ઓછું | __________, __________ |
| ૧ થી ૫ પ્યાલાની વચ્ચે | __________, __________ |
| ૫ થી ૧૦ પ્યાલાની વચ્ચે | __________, __________ |
| ૧૦ પ્યાલાથી વધારે | __________, __________ |

**પાણી અંદર, પાણી બહાર ?**

શું તમે કોઈ દિવસ ગટુની જેમ વિચાર્યું છે?

અંદાજે રોજ તમે કેટલા પ્યાલા પાણી પીઓ છો?

ઉનાળામાં : ______ પ્યાલા

શિયાળામાં : ______ પ્યાલા




તમે અનુમાન કરી શકશો કે, તમારા શરીરમાંથી કેટલું પાણી બહાર જાય છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

H3N5F2






## બોટલ અને ડોલ

૧ લિટર (Litre) ની બોટલ લો. (પાણી કે તેલની ખાલી બોટલ પણ ચાલે.) તમારા ઘેર કેટલીક બોટલ, મગ, જગ, પ્યાલો, વાડકી વગેરે ભેગાં કરો. ૧ લિટરની બોટલની મદદથી તમે નક્કી કરો કે કયા વાસણમાં ૧ લિટરથી વધુ પાણી સમાય (Hold-હૉલ્ડ) છે અને કયા વાસણમાં ૧ લિટરથી ઓછું પાણી સમાય છે. તેનું ચિત્ર જો તમે બનાવી શકો તો બનાવો.

| ૧ લિટરથી ઓછું | ૧ લિટરથી વધુ |
|---|---|
| વાડકી  | રાંધવાનું મોટું વાસણ  |
| | |
| | |
| | |
| | |








- હવે, તમારા ઘરની ડોલ તરફ જુઓ.
- અનુમાન કરો કે ડોલમાં કેટલા લિટર પાણી સમાશે.
- ૧ લિટરની બોટલથી તમારા અનુમાનની ચકાસણી કરો. બધી જ ડોલ માટે ચકાસણી કરો.

| ડોલ | મારું અનુમાન | મારું માપ |
|---|---|---|
| ડોલ ૧ | | |
| ડોલ ૨ | | |
| ડોલ ૩ | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


**સાચી જોડ બનાવો**




લગભગ ૧૨ લિટર



(દૂધ માપવાનું માપિયું)



$\frac{૧}{૨}$ લિટરથી ઓછું

(પાણીની ટાંકી)



લગભગ ૫ લિટર

(ડોલ)



૧૦૦૦ લિટર

(આંખની દવાની બોટલ)



$\frac{૧}{૨}$ લિટર

(પાણીનો જગ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કોના જગમાં વધુ સમાશે?**

નયના અને જીતુ શું કરી રહ્યાં છે?

જો નયના તેના જગમાં ૧ પ્યાલો પાણી રેડે તો તે આ મુજબ દેખાય છે :



નયના વિચારે છે કે જગ ભરવા માટે તેને લગભગ ૩ પ્યાલા પાણી રેડવું પડશે.

તમે શું વિચારો છો? ____________

જો જીતુ તેના જગમાં ૧ પ્યાલો પાણી રેડે, તો તે આ મુજબ દેખાય છે :



- કોના જગમાં વધુ પાણી સમાશે? ____________
- તમારા મતે જીતુએ તેનો જગ ભરવા કેટલા પ્યાલા પાણી તેમાં રેડવું જોઈએ? ____________
- જો જીતુ તેના જગમાં વધુ ૧ પ્યાલો પાણી રેડે, તો તેનો જગ ____________ જેટલો ભરાશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## માટલાં ભરવાં


નસીમ અને અબ્દુલને પાણીથી તેમનાં માટલાં ભરવાં છે. બંને માટલાં સરખાં મોટાં અને સરખાં ભારે છે. તેથી તેઓ વારંવાર નળ પાસે જાય છે. તેમની બોટલ ભરે છે અને માટલીઓમાં રેડે છે.



નસીમને નળથી ૧૬ વાર બોટલ ભરીને માટલીમાં રેડવી પડી. પણ અબ્દુલને માટલી ભરવા નળથી ૮ વાર બોટલ ભરવી પડી.

- ❇ નસીમ અબ્દુલ કરતાં વધુ વખત કેમ ગઈ ?
- ❇ નસીમની બોટલમાં અબ્દુલની બોટલ કરતાં __________ (બમણું / અડધું/ ત્રણગણું) પાણી સમાય છે.

## કેટલા પ્યાલા ?




'બ' માટલામાં ૧૧ પ્યાલા પાણી સમાય છે. 'અ' માટલામાં 'બ' માટલા કરતાં બમણું પાણી સમાય છે. 'અ' માટલાને ભરવા માટે કેટલા પ્યાલા પાણી જોઈએ?

વર્ગમાં, બાળકોને તેમના રોજબરોજના પ્રવાહી (Liquid-લિક્વિડ) નાં માપન અને જુદાં-જુદાં વાસણોમાં સમાતા પ્રવાહીની સરખામણી વિશે બોલવા કહો. તેમને ભરેલો પ્યાલો, ભરેલી ડોલ જેવા શબ્દો બોલવાની તક આપો. તેઓ અડધું, બમણું, ચારગણું પાણી વગેરે શબ્દોથી માહિતગાર થશે અને ૧ લિટર એટલે કેટલું પ્રવાહી તે નક્કી કરી શકે તેવા પ્રયાસ કરવા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ખાડા ભરવા

કોહિમા નજીક એક નાનું શહેર છે. ત્યાં રસ્તા પર ખાડા પડ્યા છે. વરસાદ આવે તે પહેલાં બાળકો આ ખાડાને કાંકરાથી પૂરવા ઈચ્છે છે. તેઓ એકસરખાં માપના મગમાં કાંકરા લાવે છે.

અ ખાડો ૯ મગ કાંકરાથી ભરાય છે.

બ ખાડો ૧૮ મગ કાંકરાથી ભરાય છે.

ક ખાડો ૧૨ મગ કાંકરાથી ભરાય છે.



- ચિત્રમાંના ખાડાને સાચું બને તેમ અ, બ અને ક નામ આપો.
- સૌથી મોટો ખાડો કયો છે? ____________
- જો ખાડા ભરવા જગ વાપર્યો હોત, તો અ ખાડાને ભરવા ૫ જગ કાંકરા જોઈએ, તો બ ખાડાને ભરવા કેટલા જગ કાંકરા જોઈએ? ____________

L6H8A1



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in